**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૧૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૩૦ ટકા

# શહેરમાં આજે ઉજવાશે રંગ-ઉમંગનું પર્વ





ગાંધીનગર, તા.૨૦

સમયના બદલાતા પ્રવાહ સાથે રંગોના પર્વનો મિજાજ પણ વધુ રંગીન બન્યો છે. શહેરની શેરીઓ અને સોસાયટીમાં એક મેકને હેતના રંગોથી ભીંજવીને ધૂળેટીના પર્વની પારિવારિક માહોલમાં ઉજવણી કરવામાં આવે છે. જો કે હવે રંગોના પર્વની આ ઉજવણી સેકટરોની શેરીઓ સુધી સીમીત રહી નથી. શહેર તેમજ આસપાસના પાર્ટી પ્લોટ, ફાર્મહાઉસમાં રેઈન ડાન્સ, જેલીબોલ ફાઈટ સાથે ડીજેના તાલ વચ્ચે ઝુમતા યુવા હૈયાઓ ધૂળેટીના પર્વની ઉજવણીને નવા રંગોનો નિખાર આપ્યો છે. આજે ધૂળેટીના પર્વ નિમિત્તે શહેર તેમજ આસપાસના પાર્ટી પ્લોટમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ ઉપરાંત બીજી તરફ પર્યાવરણ પ્રેમીઓ પાણી બચાઓના અભિગમ સાથે તિલક હોળીના માધ્યમથી પર્વની ઉજવણી કરવા ઉત્સુક છે.

સોહાર્દ અને પ્રેમનો તહેવાર હોળી-ધૂળેટી એ ખરાબ પર સારાની જીતનો તહેવાર કહેવાય છે. શહેરમાં ધૂળેટી નિમિત્તે દરેક સોસાયટીઓમાં તથા વિવિધ પાર્ટી પ્લોટ ખાતે ધૂળેટીને અનુસંધાને તૈયારીઓ કરવામાં આવી છે. નગરજનો ડીજેના તાલે રંગ બરસેની ધૂન સાથે એકમેક સાથે વગર સ્વાર્થે ધૂળેટી રમશે. શહેરમાં વિવિધ રીતે ધૂળેટી ઉજવનાર યુવાધન ઉત્સાહમાં છે. આ સાથે અમુક વય જુથ તિલક હોળી પણ રમશે. પાણી બચાવવાના વિચાર સાથે તિલક હોળીનો વિચાર હાલમાં વધુ વિકસ્યો છે. ઘણા મંદિરો અને સોસાયટીમાં અમુક જુથના ભાઈઓ-બહેનો તિલક હોળી રમીને ભગવાનને પ્રાર્થના પણ કરશે. શહેરના નાનાથી લઈ મોટા દરેક પોત પોતાના મિત્ર વર્તુળ સાથે ધૂળેટીને ઉજવવા ઉત્સુક છે.




## ... મારે ફળિયે ચકલી બેસે તે મારું રજવાડું...!!

'તારો વૈભવ રંગમહોલ સોનું અને ચાકર ઘાડું, મારે તો ફળિયે ચકલી બેસે તે મારું રજવાડું' મુર્ધન્ય કવિ રમેશ પારેખની આ સુપ્રસિધ્ધ પંકિત આજે વિશ્વ ચકલી દિવસે જરુર યાદ આવે છે. એક સમયે આંગણામાં ચીં ચીં કરતી ચકલી હવે શોધી જડતી નથી અને ચકલીને પાછી લાવવા પર્યાવરણ પ્રેમીઓ વિવિધ પ્રયાસો પણ કરી રહ્યા છે. શહેરમાં સેકટર-૧૩-બીમાં એક ચકલીએ માળો કર્યો છે જેને પગલે રહીશો આનંદિત થઈ ઉઠયા છે...



## ઉવારસદ ડેન્ટલ કોલેજમાં મારામારીની ઘટનામાં કુલ ૬ ઈસમો સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

ઉવારસદ ડેન્ટલ કોલેજ ખાતે ખાળકુવાનુ કામ કરતા ઈસમોએ બાજુમાં જમીન ધરાવતા માલિક પિતા પુત્રને મારમાર્યના ઘટના સામે આવી છે. ખાળકુવાની માટી નાખવા મુદે થયેલા ઝઘડામાં સામસામે ફરીયાદ થતા કુલ ૬ ઈસમો સામે ફરીયાદ નોંધાઈ છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ઉવારસદ ગામે મોટી ખડકીમાં રહેતા સુચિતભાઈ અરવિંદભાઈ પટેલ નોંધાવેલી ફરીયાદ મુજબ તેમનું ઉવારસદ ડેન્ટલ કોલજ પાસે એલઈડી બલ્બનું ગોડાઉન આવેલુ છે.મંગળવારના રોજ ડેન્ટલ કોલેજ ખાતે ખાળકુવાનું કામ ચાલતુ હતુ જેથી ખાળકુવાની માટી તેમના ખેતરમાં નાંખવાની ના પાડી હતી. જેને પગલે કામ કરી રહેલા કારીગરોએ પિતા-પુત્ર પર હુમલો કરતા ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. તો બીજી તરફ રાહુલે નોંધાવેલી ફરીયાદ મુજબ કામ બંધ કરવાનું કહેતા અમે ડેન્ટલ કોલેજના સર સાથે વાત કરવાનું જણાવતા અરવિંદભાઈ અને સુચિત ભાઈ ગુસ્સે થઈ ગયા હતા અને પાવડા વડે હુમલો કર્યો હતો. અડાલજ પોલીસે બંન્ને પક્ષોની ફરીયાદ લઈને તપાસ શરુ કરી છે.

## ચોર પેથાપુરમાં એટીએમ તોડતો હતો ને પોલીસ આવી પહોંચી..!

**પેથાપુર પોલીસે ડિસમીસ, પક્કડ, કાતર અને મરચાની ભુકી સાથે બિહારી શખ્સને પકડ્યો : સે-૨૪ ના એટીએમને પણ આ શખ્સે તોડ્યું હતું**

ગાંધીનગર, તા.૨૦

પેથાપુર ચોકડી પાસે આવેલા બેંક ઓફ ઈન્ડીયાના એટીએમને તોડવા કોઈ શખ્સ મથી રહ્યું હતું ત્યારે પેથાપુર પોલીસને બાતમી મળતા આ શખ્સને સ્થળ પર જઈને દબોચી લીધો હતો. પેથાપુરનું એટીએમ તોડવાનો પ્રયત્ન ચાલી રહ્યો હતો ત્યારે જ પોલીસ આવી પહોંચી હતી અને ચોરને ડિસમીસ, પક્કડ, કાતર અને મરચાની ભુકી સહિતના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. પકડાયેલા બિહારી શખ્સની સઘન પુછપરછ કરતા બહાર આવ્યું હતું કે ત્રણ દિવસ પહેલા સે-૨૪ ખાતે સ્થિત આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમને તોડવાનો પ્રયત્ન કરનાર શખ્સ આ પોતે જ હતો. પોલીસે તેની ધરપકડ કરી ઉંડી પુછપરછ હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુર ચોકડી નજીક ગઈકાલે રાત્રે બેંક ઓફ ઈન્ડીયાના એટીએમમાં ઘુસેલો એક શખ્સ એટીએમ તોડવાનો પ્રયત્ન કરી રહ્યો છે. કોન્સ્ટેબલ જયેશભાઈ મારફતે મળેલી બાતમીના આધારે પેથાપુર પોલીસની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને તે શખ્સને પકડી પાડ્યો હતો. બિહારનો વતની વસંત શ્રવણ મહતો નામનો આ શખ્સ એટીએમ તોડવા માટે વપરાતી સાધન સામગ્રી સાથે ઝડપાયો હતો. એટીએમ તોડતી વખતે કોઈ તેને જોઈ જાય તો તેના ઉપર હુમલો કરી આંખમાં મરચાની ભુકી નાંખીને ભાગી જવાય તે માટેની પણ સંપૂર્ણ તૈયારીઓ સાથે તે આવ્યો હતો. પોલીસે તેને ધરપકડ કરી ઈન્ટ્રોગેશન કરતા બહાર આવ્યું કે ૧૮ માર્ચે તેણે જ સે-૨૪ ના આઈસીઆઈસીઆઈ બેંકના એટીએમને ટાર્ગેટ કર્યું હતું. પરંતુ એટીએમ તોડતી વખતે સાયરન વાગવાનું શરુ થઈ જતા તે ભાગી છુટ્યો હતો. પેથાપુર પોલીસે રોશન મહતો નામના શખ્સની ધરપકડ કરી તેની ઉંડાણપૂર્વક પુછપરછ શરુ કરી છે. આ શખ્સે બીજે ક્યાય આ પ્રકારે એટીએમ તોડવાના પ્રયત્ન કર્યા છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે.

## ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટે આશ્રમશાળા અને આંગણવાડીના બાળકો સાથે હોળી પર્વ ઉજવ્યુ




ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં સેકટર-૧૩માં નંદનવન આશ્રમશાળા ખાતે ઉર્મિલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકો સાથે હોળી-ધુળેટી પર્વ ઉજવ્યુ હતુ. આ પ્રસંગે સંસ્થાના સભ્યોએ બાળકો સાથે રંગોત્સવની ઉજવણી કરી બાળકોને રોમાંચિત કર્યા હતા. આ ઉપરાંત બાળકોને હોળી પર્વ નિમિત્તો ધાણી, ખજૂર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો સાથે સંસ્થાના સભ્યોએ મનોરંજક વાતો કરી તેમને પ્રોત્સાહિત કરવા સાથે તેમના ચહેરા પર હાસ્ય રેલાવ્યુ હતુ.

આ કાર્યક્રમમાં ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ વિવેકા પટેલ, ઉપ પ્રમુખ ભૂમિકા પટેલ, ટ્રસ્ટી રાજન ત્રિવેદી, ધ્રુવિલ પટેલ તેમજ નંદનવન આશ્રમશાળાના આચાર્ય યોગેશભાઈ દરજી, બ્રિદશભાઈ પટેલ, ઉર્વી ત્રિવેદી વગેરે ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત ઉર્મિલા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા પેથાપુર ખાતેની આંગણવાડીના બાળકો સાથે પણ હોળી પર્વની ઉજવણી કરી બાળકોને ખજૂર-ધાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.




એન.કે. સોલંકી સ્કુલ ઓફ કોમર્સ સેકટર-૨૮ દ્વારા શાળામાં લેવાયેલ યુનિટ ટેસ્ટમાં ૧થી૧૦ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ધુળેટીના તહેવારને લઈ શહેરી વિસ્તારમાં પોલીસની બાજ નજર

ગાંધીનગર શહેરમાં ધુળેટીનો તહેવાર આનંદ અને ઉલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવે તે માટે પોલીસ દ્વારા સમગ્ર શહેર અને જિલ્લામાં ચાંપતી નજર રાખવામાં આવી છે. જયારે નર્મદા કેનાલ, સંતસરોવર, સાબરમતિ નદી અને સાયફન કેનાલ પાસે કોઈ દુર્ઘટના ના બને તે માટે પોલીસના જવાનો ખડે પગે ફરજ પર હાજર રહેશે. શહેરી વિસ્તારમાં નશો કરીને ફરતા અને કોઈ નાગરીકને હેરાનગતિ કરતા હોય તેવા તત્વોને પકડી પાડવા પોલીસને સુચના આપવામાં આવી છે. અને આ માટે ખાસ એકશન પ્લાન પણ પોલીસ તંત્ર દ્વારા તૈયાર કરાયો છે. ધુળેટીના તહેવારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસની શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં બાજ નજર રહેશે.

# શહેરમાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ

**સેકટર-૧૬માં પક્ષી પ્રેમી રાજુભાઈ મકવાણાએ ચકલીઘરનું વિતરણ કર્યું : હેપ્પી યુથ કલબ આયોજિત હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ**




ગાંધીનગરમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે હેપ્પી યુથ કલબ આયોજિત હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત છેલ્લા બે દિવસથી શહેરમાં હેપ્પી ચકલી ઘરનું નિઃશુલ્ક વિતરણ કરાઈ રહ્યું છે. ગઈ કાલે સેકટર-૧૨માં બલરામ મંદિરે અને આજે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે ચકલીઘરનું વિતરણ યોજાયુ હતું. આ પ્રસંગે હેપ્પી સ્પેરો વીકના પ્રોજેકટ કો ઓર્ડિનેટર તથા સમગ્ર પ્રોજેકટના પ્રેરણાસ્ત્રોત સમા રાજુભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, 'ચકલી આપણા આંગણે આવે ત્યારે નાના ભૂલકાંથી માંડીને વડીલો સહિત તમામને ગમે છે, તમામના ચહેરા પર ખુશી લાવે છે ચકલી પર્યાવરણ માટે પણ ખૂબ ઉપયોગી પક્ષી છે. તેને બચાવવાના પ્રયાસરૂપે અમે શહેરભરમાં ચકલીઘરનું વિના મૂલ્યે વિતરણ કરી રહ્યા છે.'

રાજુભાઈ મકવાણા જેઓ સેકટર-૧૬માં વર્ષોથી બટાકા પૌંઆના નાસ્તાની લારી ચલાવવાનો વ્યવસાય કરે છે. છેલ્લા ૮ વર્ષથી તેઓ દર વર્ષે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલીઘરનું વિતરણ કરે છે. છેલ્લા ૩ વર્ષથી તેઓ આ સદકાર્યને હેપ્પી યુથ કલબ સાથે મળીને સમગ્ર ગાંધીનગરમાં ચલાવી રહ્યા છે જે અંતર્ગત શહેરમાં હેપપી સ્પેરોવીકનું આયોજન કરવામાં આવે છે. હેપ્પી સ્પેરો વીક દરમિયાન શહેરમાં વિવિધ સ્થળે હેપ્પી ચકલી ઘરના વિતરણનુ આયોજન કરવામાં આવ્યું છે. આજે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે યોજાયેલા ચકલીઘર વિતરણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમી નાગરિકોએ ચકલી ઘર મેળવ્યા હતા.




**@ગાંધીનગર**

● હેપ્પી યુથ કલબ દ્વારા હેપ્પી સ્પેરો વીક અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે અટ્રીયા કોમ્પ્લેક્ષ, સરગાસણ, ચાર રસ્તા પાસે ચકલીઘરનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવશે.

### સિવિલ કેમ્પસમાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દર્દીના બાઈકની ઉઠાંતરી થવા પામી છે. પેથાપુરના ગંધર્વવાસ કસ્બામાં રહેતો સોયેબ શેખના ઉવ.૩૦ ના પુત્ર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ખાનગી નોકરી કરતો સોયેબ મંગળવારના રોજ બપોરના સુમારે ૧૨ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક જીજે.૧૮. સીસી-૨૨૯૩ નંબરનું હોન્ડા સાઈન બાઈક લઈને સિવિલ ગયો હતો. સિવિલ કેમ્પસમાં બાઈક પાર્ક કરીને પુત્ર પાસે વોર્ડમાં ગયો હતો. ત્યારબાદ બે વાગ્યાની આસપાસ સોયેબ પરત ફર્યો હતો ત્યારે બાઈક મુક્યું હતું તે સ્થાન પરથી બાઈક ગુમ હતું. સિવિલ કેમ્પસમાં બાઈકની તપાસ કરવા છતા ન મળતા આખરે તેણે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ગુજરાતની દલિત લોક કથાઓ 'પાટ પૂજા અને પીર પરંપરા' વિષય પર સે-૧૨ સ્થિત આંબેડકર ભવન ખાતે સાહિત્ય પરિસંવાદ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ઝવેરચંદ મેઘાણી લોક સાહિત્ય કેન્દ્ર રાજકોટ અને વીરમાયા સ્મારક સમિતિ દ્વારા ગુજરાતની દલિતલોક કથાઓ વિષય પર ૧૦ વાગ્યે પરિસંવાદ યોજાશે અને ગુજરાત સાહિત્ય અકાદમી અને વિરમાયા સ્મારક સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે 'પાટ પૂજા અને પીર પરંપરા' વિષય પર પરિસંવાદ યોજાશે. પરિસંવાદના સંયોજક ડૉ. નરસિંહદાસ વણકર અને સહસંયોજક કે.આઈ. પટેલ દ્વારા રસ ધરાવનાર નગરજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

### સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દશક યાત્રા

ગાંધીનગર, તા.૨૦

સંસ્કૃતિ અને સંસ્કારિતાને વરેલું સશકત સંગઠન એટલે સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરે ૧૧મા વર્ષમાં પ્રવેશ કરેલ છે. ૨૦૦૮થી નાનકડી સેવાથી શરુ કરેલ સંસ્થા હવે વિશાળ પરિવારવાળી સંસ્થા બનેલ છે. વિવિધ સેવા અને સંસ્કૃતિ સભર પ્રવૃત્તિઓને આ સંગઠન ધર્મસમજ છે.

વર્ષના અંતે તા.૨૪મી માર્ચના રવિવારે હિન્દી ફિલ્મી ગીતો 'પુરાની યાદે' અને ભોજન સમારંભ યોજેલ છે. જે અંતર્ગત નવા સભ્યોની નોંધણી કરવામાં આવશે તથા તેમને પ્રવેશ આપવામાં આવશે. સંસ્થા દ્વારા અશ્વ શો, નાટકો, ફિલ્મી ગીતોના કાર્યક્રમ, નારી ઉત્સવો, શૈક્ષણિક કાર્યક્રમ, રોજગારી તાલીમ વર્ગ, પક્ષીઘર-કુંડા વિતરણ, બ્લડ કેમ્પ વગેરે પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. નવા સભ્યોને વધુ માહિતી માટે ભૂપેન્દ્રભાઈ ગજ્જર ૯૪૨૭૫ ૨૫૨૭૫નો સંપર્ક કરવા જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. વાઘેલા જુજારજી ગોપાલજી, ઉ.વ. ૭૪
- સ્વ. કુંપાવત ગોરલબા રણધીરસિંહ, ઉ.વ. ૩૨